# કેકા

ગગનભરી ગહેક... સ્મરણભીની મહેક



# કેકા THE COSMIC COOING

પૂર્વરાગપર્વ

૨૦૧૮-૨૦૧૯

પ્રકાશન
**ડૉ. ગીતા પંડ્યા**
**આચાર્યા**
**ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ**
**શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ**
**મણિનગર, અમદાવાદ**

# આનુપૂર્વી


| | | |
|---|---|---|
| ૧. કેકારવાંકિત યાત્રાના પડાવો… | ડૉ. ગીતા પંડયા | ૪ |
| ૨. વર્ષ ૨૦૧૮-૨૦૧૯નો ગૌરવાન્વિત દૃશ્યવૈભવ | પ્રો. જગદીશ પરમાર | ૬ |
| ૩. ૨૦૦૭થી સાંપ્રત સુધી : વીતેલાં વર્ષોનાં સુરભિત સંભારણાં… | ડૉ. નેહલ પંડયા | ૩૦ |
| ૪. અતીતની વાટેથી આલોકમાં… | ડૉ. ગીતા પંડયા | ૫૭ |
| ૫. ગઝલનું સ્વરૂપ | રાજેશ્વરી આનંદ | ૬૭ |
| ૬. Happiness | Nair Shruti Santosh | ૭૮ |
| ૭. The Vedas | Kinjal s. Barot | ૮૦ |
| ૮. ગોવિંદ સ્વામીની સિસૃક્ષાનો અમૃતદ્વીપ | નિસર્ગ આહીર | ૮૪ |
| ૯. કૉલેજ માટેનાં અગત્યનાં પ્રમાણપત્ર | | ૯૪ |
| ૧૦. LIST OF TEACHING AND NON-TEACHING STAFF | | ૯૮ |
| ૧૧. NON-TEACHING STAFF OF THE COLLEGE FROM THE YEAR OF 2007 TO 2019 | | ૧૦૨ |
| ૧૨. COLLEGE COMMITTEE: YEAR 2018-2019 | | ૧૦૩ |
| ૧૩. વાચનાલય વિશે માહિતી | દિનેશભાઈ ભરવાડ | ૧૦૭ |
| ૧૪. SCOPE વિશેની વિગત | ડૉ. પ્રવીણ રથવી | ૧૦૮ |
| ૧૫. ANALYSIS OF STUDENTS: VARIOUS ASPECTS | Dr. Pravin Rathvi | ૧૦૯ |
| ૧૬. વાર્ષિક પ્રવૃત્તિ : પરિચય અને પરિતોષ - વર્ષ ૨૦૧૮-૨૦૧૯ | ડૉ. કમલેશ પટેલ | ૧૨૮ |

## કેકારવાંકિત યાત્રાના પડાવો...

ડૉ. ગીતા પંડયા
આચાર્યા

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીસાહેબની નિસબત અને દીર્ઘદષ્ટિનું એક સફળ અને સબળ પરિણામ એટલે ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ. ગુજરાતના વિશ્વવંદ્ય સાક્ષર શ્રી કે. કા. શાસ્ત્રીના વિદ્યાકર્મને કર્માંજલિ અર્પવા માટે આદરણીય શ્રી મોદીસાહેબે શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલની શરૂઆત કરી. મેં ૨૦૦૭માં ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજનો શુભારંત થયો. માત્ર બાર વર્ષના ગાળામાં તો આ શૈક્ષણિક સંકુલે, સંસ્થાએ એક ઊંચાઈ સિદ્ધ કરી લીધી છે. આજે, બાર વર્ષની એ કેકાના કેકારવથી અંકિત થયેલી વિદ્યાયાત્રાને સમાવતા 'કેકા'ના અંકને આપ સૌ સમક્ષ ધરીને ધન્યતા અનુભવું છું. આપ સૌને આ શબ્દમય કર્મયાત્રામાં જોડાવા ભાવભીનું નિમંત્રણ છે.

મારા માટે ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજની બાર વર્ષની સુદીર્ઘ યાત્રા જીવનનાં અત્યંત મધુરતમ અને સોનેરી વર્ષો બની રહ્યાં. કૉલેજની શરૂઆતથી જ આચાર્યા તરીકેનો કાર્યભાર સંભાળવાની જવાબદારી મને સોંપવામાં આવી એ મારા જીવનની સુંદરતમ સ્મૃતિઓ બની રહી છે. પ્રથમ કાર્યકારી આચાર્યા તરીકે, અને પછીથી કાયમી આચાર્યા તરીકે આ સંસ્થાને સર્વાંગી સફળતા અપાવવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા એનો ખૂબ આનંદ છે. સરકારશ્રી અને ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા મને આ ખૂબ મહત્ત્વની કામગીરી સોંપવામાં આવી અને મેં એને પૂર્ણતયા નિભાવવા માટે પ્રયત્ન કર્યો એનો ઉલ્લાસમય પરિતોષ છે.

જ્યારે કૉલેજની શરૂઆત થઈ ત્યારે સ્વાભાવિક રીતે જ ખૂબ ઓછાં સાધનો હોય, સ્ટાફ પણ ઓછો હોય, પરંતુ અમે એવી કોઈ અગવડો ગણકાર્યા વિના સતત શ્રમ કર્યો. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેના અનેક પ્રયત્નો કર્યા. આરંભથી એ વિચાર મનમાં રાખ્યો હતો કે કૉલેજની શરૂઆત અમારાથી થઈ છે તો અમારે એક ભવ્યોજ્જ્વલ પરંપરા સ્થાપવી જોઈએ. આવા વિચારથી અમે આ કૉલેજની અનેકવિધ પ્રવૃત્તિઓનો પ્રારંભ કરેલો. એ જ સ્પિરિટથી સતત વિદ્યાકર્મ કરતાં રહ્યાં. આજે બાર વર્ષના અંતે, અમારી વીતેલી યાત્રા પર દષ્ટિ નાખું છું તો ખૂબ જ આનંદ થાય છે કે બહુ જ ટૂંકા ગાળામાં અમે સમગ્ર રીતે પ્રાપ્ત કરેલી સિદ્ધિ આનંદદાયી અને ગૌરવવંત છે.

મારો શૈક્ષણિક સ્ટાફ સતત મારી સાથે રહ્યો છે. અનેક પ્રકારના શૈક્ષણિક વિશિષ્ટ વર્ગો, વિદ્યાર્થીના સર્વાંગી ઘડતરલક્ષી ખાસ વર્ગો, કારકિર્દીલક્ષી કાર્યક્રમો, રાજ્ય-રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીઓ ઈત્યાદિનું સાતત્યપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવે, શૈક્ષણિક પ્રવાસ ગોઠવવામાં આવે, વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિઓની ઉપસ્થિતિમાં વાર્ષિકોત્સવ ઉજવવામાં આવે... આવી પ્રવૃત્તિઓની યાદી ખૂબ લાંબી થાય છે. આ બધાંની સાથે સાથે શિક્ષણકાર્યને તો અગ્રતા જ આપવામાં આવે. એટલે, આનંદ તો એ વાતનો કે આ કૉલેજનો વિદ્યાર્થી ઉત્તમ ગુણાંકન સાથે ઉત્તીર્ણ તો થાય, અન્ય અનેક પ્રતિભાથી સમૃદ્ધ પણ બને.

સાંપ્રતની આ ક્ષણે ઊભાં રહી અતીત પર નજર નાખું છું તો દેખાય છે એક અત્યંત સમૃદ્ધ કર્મપથ. અનેક મહાનુભાવોનાં પગલાંથી પાવન થઈ છે આ સંસ્થા. પાંચ વાર તો માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી પધાર્યા છે. મુખ્યમંત્રીશ્રી તરીકે માનનીય આનંદીબેન પટેલ પધાર્યાં છે. અનેક મંત્રીશ્રીઓ, મૅયરશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ, શિક્ષણ વિભાગના સચિવશ્રીઓ અને કમિશનરશ્રીઓ, કુલપતિશ્રીઓ, વિદ્વાનશ્રીઓ, સાહિત્યકારો વગેરેએ આ સંસ્થામાં અનેક અવસરો પર પધારીને વિદ્યાચેતનાને પરિપ્લાવિત કરી છે. સમગ્ર રીતે જોઈએ તો બાર વર્ષની આ યાત્રા સુમધુર સ્મરણોથી સભર છે, વિદ્યાર્થીઓના પ્રેમથી મધુર છે અને કર્મના આનંદથી સમૃદ્ધ છે.

જીવનના ખૂબ સંતોષ સાથે ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજમાં બાર વર્ષ પૂર્ણ કર્યાં. વયમર્યાદાને કારણે આ જ સંસ્થામાંથી નિવૃત્ત થવાનું આવ્યું છે. આમ તો આત્મીયતાને કારણે આ સંસ્થા છોડતાં દુઃખ થાય છે, પરંતુ સાથે સાથે એટલો આનંદ પણ છે કે એક ખૂબ જ સુંદર અને ભવ્ય પરંપરા સ્થાપિત કરી શકાઈ છે. આટલાં વર્ષ સુધી એક પ્રકારની કર્મઠ, પ્રવૃત્તિલક્ષી, સઘન વિદ્યાપ્રવૃત્તિથી સંસ્થાને ધમધમતી રાખી છે. આવનારાં વર્ષો એનાથી પણ અધિક ગતિથી ઉન્નતિ સિદ્ધ કરે એવી આશા છે અને શુભેચ્છાઓ પણ છે જ.

'કેકા'નો, મારા હસ્તકનો આ અંતિમ ગ્રંથ આપ સૌને અર્પણ કરતાં આનંદની સાથે સાથે અઢળક સ્મૃતિઓ પણ વહેંચું છું. મને સતત સહકાર આપનારા તમામ અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, મારા વ્હાલા વિદ્યાર્થીઓ અને સહયોગ આપનાર અન્ય સર્વનો હૃદયપૂર્વક આભાર માનું છું. મા શારદાના મયૂરના કેકારવથી ગૂંજતું આ વિદ્યાઉપવન આપ સર્વને સાદર, સસ્નેહ અર્પણ...

## વર્ષ ૨૦૧૮-૨૦૧૯નો ગૌરવાન્વિત દૃશ્યવૈભવ

### અગિયારમો વાર્ષિકોત્સવ : મુખ્ય મહેમાન વિશ્વવિખ્યાત ચિત્રકાર શ્રી વૃંદાવન સોલંકી
### ૩.૪.૨૦૧૮










## રોજગાર મેળો : ૭.૪.૨૦૧૮

## ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હિમાંશુ પંડયાની વિશેષ ઉપસ્થિતિ









# યોગદિનની ભવ્ય ઉજવણી









# સ્વચ્છતા-અભિયાન









# એડ્મિશન કાઉન્સેલિંગ









# એચ.આઈ.વી. એઈડ્સગ્રસ્ત લોકો માટે ખાસ કાર્યક્રમ









# ટ્રાફિક અવૅરનેસ પ્રોગામનું આયોજન









# રોજગાર મેળાનું ભવ્ય આયોજન









## સ્ટુડન્ટ્સ માસ્ટરી : સ્કિલ ડૅવલપમેન્ટ પ્રોગ્રામ






## રુસાનો વિદ્યાર્થી કારકિર્દીઘડતર માટેનો કાર્યક્રમ





## પ્રથમ વર્ષ બી.એ.ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ





## અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા અભ્યાસક્રમ અંગેના કાર્યક્રમનું આયોજન





## સ્વાતંત્ર્યદિનની ઉજવણી : મુખ્ય મહેમાન શ્રી કે. બી. ઉપાધ્યાય, સી.ઈ.ઓ., કે.સી.જી.









## ઈન્ડોલોજીમાં એમ.એ. વિશેના માર્ગદર્શન અંગે કાર્યક્રમ





## યોગતાલીમ શિબિર





## ટૅબલેટ વિતરણ સમારંભ





## સ્પૉર્ટ્સ ડૅની ઉજવણી





## કૉલેજ માટે સુવર્ણ પર્વ

## GSIRF પ્રમાણપત્ર એનાયત અને પ્લૅસમેન્ટમાં ઉત્તમ કામગીરી માટેનો માન. શિક્ષણમંત્રીશ્રી તરફથી ઍવોર્ડ







## રક્તદાન શિબિરનું આયોજન






## કૅન્સર અવૅરનેસ પ્રોગ્રામ





## વીમેન્સ સૅલ પ્રોગ્રામ





## ફિનિશિંગ સ્કૂલ ઈવેન્ટ





## ગેસ્ટ લૅક્ચરનું આયોજન





## પોલીસ વિભાગ દ્વારા જૂડોની ટ્રેઈનીંગ





## રોજગાર મેળાનું આયોજન





# મૅગા જૉબ ફૅરનું ભવ્ય આયોજન










## મનોવિજ્ઞાન વિભાગ દ્વારા હિપ્નોસિસ અંગેના કાર્યક્રમનું આયોજન





## રોજગાર મેળાનું આયોજન





## પ્રજાસત્તાકદિનની ઉજવણી, વૃક્ષારોપણ કાર્યક્રમ અને પુસ્તકવિમોચન
## મુખ્ય મહેમાન : પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ









## પ્લૅસમેન્ટ પ્રોગ્રામ





અન્ય એક રોજગાર મેળાનું આયોજન : વર્ષ દરમિયાન સાતત્યપૂર્ણ રોજગાર મેળા દ્વારા ભરતીપ્રક્રિયા





## સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનો અનાવરણવિધિ





## પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીજીની જન્મજયંતીની ઉજવણી





# સ્પૉર્ટ્સની અનેકવિધ પ્રવૃત્તિઓ









## રમતગમતક્ષેત્રે યશસ્વી પ્રદાન





## ટૅલેન્ટ ડૅની ભવ્ય પ્રસ્તુતિ






## અતીતની વાટેથી આલોકમાં...

ડૉ. ગીતા પંડ્યા
આચાર્યા

એક ભવ્ય સંસ્થાના વિકાસ અને વિલાસના સાક્ષી બનવાનું ગમે જ. અને એમાં પણ એ વિકાસ અને વિલાસનો રસ્તો પોતે જ અંકે કર્યો હોય ત્યારે આનંદ બેવડાઈ જાય. ૨૦૦૭થી આજપર્યંતની બાર વર્ષની ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજની વિદ્યાયાત્રામાં આરંભથી લઈને આ બિંદુ સુધી આચાર્યા તરીકે સેવા આપી એ મારા જીવનની મોંઘી મૂડી છે. વિદ્યાકીય કાર્યની સાથેસાથે અનેકવિધક્ષેત્રે જે પ્રવૃત્તિઓ કરવામાં આવી એ આનંદદાયી છે, ગૌરવાન્વિત છે. સાંપ્રતના મિનારા પરથી વ્યતીતના પથ પર દૃષ્ટિપાત કરતાં એક પ્રસન્નકર પરિતોષ અનુભવાય છે. સમગ્ર રીતે સંસ્થાકીય કાર્યવૈભવ આપ સૌના કરકમલમાં ધરીને ધન્યતા અનુભવું છું.

કોઈ પણ વિદ્યાસંસ્થા સમાજની સામૂહિક મૂડી છે. સરકારશ્રી અને સમાજ એને સાથેસાથે સમૃદ્ધ કરે, કેમ કે, કૉલેજ તો સાંસ્કૃતિક ઘટનાનું એક પૃષ્ઠ હોય છે. ગુજરાતના વંદનીય સાક્ષર શ્રી કે. કા. શાસ્ત્રીના વિદ્વત્કર્મને કાયમી ભવ્ય અંજલિ આપવા માટે માનનીય શ્રી નરેન્દ્ર મોદીસાહેબે પોતાના સંકલ્પના બળે આ ભવ્ય શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરી છે. ગુજરાતની બે મહાવિભૂતિ સાથે જોડાયેલી આ સંસ્થાને સતત બળ અને પ્રોત્સાહન મળતું રહ્યું છે. સંસ્થાના સકારાત્મક અને ઉચ્ચ આયાસને કારણે દસ વર્ષમાં જે કંઈ ઉત્તમ કર્મ કરી શકાયું છે એનો ખૂબ આનંદ છે, ગૌરવ પણ છે.

વર્ષ ૨૦૦૭માં સ્થપાયેલ ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ વર્ષ ૨૦૧૯માં બાર વર્ષ પૂર્ણ કરે છે ત્યારે જાણે સિદ્ધિનાં દસ અદ્‌ભુતરસિક સોપાન સર કરે છે. દસ વર્ષના અંતે, અગિયારમા વર્ષના માર્ગ પર વ્યતીતની વાટે દૃષ્ટિ કરતાં જણાય છે કે આ સંસ્થાના ચંદરવામાં અનેક રંગો પૂરાયા છે અને સમગ્ર માહોલ રંગરાગથી યુક્ત છે, શિક્ષણ અને શિક્ષણેતર આયામોના અર્થમાં. આ સંસ્થાએ દસ વર્ષના ગાળામાં અનેક મહાનુભાવોના સંગ અને સહયોગમાં સુવર્ણમય ક્ષણોનો સુંદરતમ હાર ગૂંથ્યો છે. આ પ્રસંગે એવા મહાનુભાવોની સ્મૃતિઓને સાદર, સાનંદ વાગોળવાનો કે સંભારવાનો અમારે મન સ્મૃતિમહોત્સવ છે.

ગત વર્ષમાં પધારેલા મહાનુભાવો, સર્વની મુલાકાત ઈત્યાદિની સુંદરમધુર સ્મૃતિઓ હૈય છે. અહીં એક યાદી પ્રસ્તુત છે :

**માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત :**

૧. ભૂમિપૂજનનો પ્રસંગ : તા. ૨૯.૬.૨૦૦૬

૨. કૅરિયર ડૅવલપમેન્ટ, ટૅમ્પલ મૅનેજમેન્ટ અને ફોરેઈન લૅંગ્વજિઝના ઉદ્‌ઘાટન-પ્રસંગ : તા. ૭.૯.૨૦૦૭

૩. ભવ્ય શૈક્ષણિક ભવનના લોકાર્પણવિધિ-પ્રસંગ : તા. ૧૪.૬.૨૦૦૮

૪. પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી સ્મૃતિકક્ષનો લોકાર્પણવિધિ-પ્રસંગ : ૫.૬.૨૦૧૧

૫. એમ.સી.એ. ભવનનિર્માણનો ખાતમુહૂર્ત-પ્રસંગ : ૧૫.૮.૨૦૧૩

**માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની મુલાકાત :**

૧. એમ.સી.એ.ના નવ્ય ભવનની ઉદ્‌ઘાટનવિધિ : ૮.૧૧.૨૦૧૪

**માનનીય મંત્રીશ્રીઓની મુલાકાત :**

૧. મંત્રીશ્રી આનંદીબેન પટેલ

૨. મંત્રીશ્રી રમણલાલ વોરા

૩. મંત્રીશ્રી માયાબેન કોડનાની

૪. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ

૫. મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

૬. મંત્રીશ્રી વસુબેન ત્રિવેદી

**સાંસદશ્રી, ધારાસભ્યશ્રીની મુલાકાત :**

૧. સાંસદશ્રી હરિન પાઠક

૨. સાંસદશ્રી ડૉ. કિરીટ સોલંકી

૩. ધારાસભ્યશ્રી વલ્લભભાઈ કાકડિયા

૪. ધારાસભ્યશ્રી હસમુખભાઈ પટેલ

૫. ધારાસભ્યશ્રી સુરેશભાઈ પટેલ

૬. પૂર્વધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ

**મેયરશ્રી, ડેપ્યૂટી મેયરશ્રીની મુલાકાત :**

૧. મેયરશ્રી અસિત વોરા
૨. મેયરશ્રી મીનાક્ષીબેન પટેલ
૩. ડેપ્યુટી મેયરશ્રી દર્શનાબેન વાઘેલા
૪. ડેપ્યુટી મેયરશ્રી જિતેન્દ્ર દેસાઈ

**શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓની મુલાકાત :**

૧. શિક્ષણ સચિવશ્રી પી. પનિરવેલ
૨. શિક્ષણ સચિવશ્રી હસમુખ અઢિયા
૩. શિક્ષણ સચિવશ્રી આનંદમોહન તિવારી
૪. શિક્ષણ સચિવશ્રી મુકેશ પૂરી
૫. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી રાજીવ ગુપ્તા
૬. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી જયંતી રવિ
૭. શિક્ષણ સચિવશ્રી અંજુ શર્મા
૮. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કે.બી. ઉપાધ્યાય

**વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની મુલાકાત :**

૧. શ્રી ડૉ. પરિમલ ત્રિવેદી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૨. શ્રી ડૉ. અવધેશકુમાર સિંહ, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ
૩. શ્રી પંકજ જાની, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
૪. શ્રી મનોજ સોની, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ
૫. શ્રી કમલેશ જોષીપુરા, આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી, ગાંધીનગર
૬. શ્રી એમ. એન. પટેલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

૭. શ્રી પંકજ એલ. જાની, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ

૮. શ્રી ડૉ. હિમાંશુ પંડયા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**વાર્ષિકોત્સવ પ્રસંગે પધારેલા મહાનુભાવો :**

૧. શ્રી જિતેન્દ્ર શાહ, નિયામક, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, વર્ષ ૨૦૦૭-૨૦૦૮

૨. શ્રી પંકજ જાની, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, વર્ષ ૨૦૦૯-૨૦૧૦

૩. શ્રી ગૌતમ પટેલ, આંતર્રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત, રાષ્ટ્રપતિશ્રી દ્વારા પુરસ્કૃત વિદ્વાન, વર્ષ ૨૦૧૦-૨૦૧૧

૪. શ્રી રાજેન્દ્ર શુક્લ, સુપ્રસિદ્ધ કવિ, વર્ષ ૨૦૧૧-૨૦૧૨

૫. શ્રી વિજય પંડયા, રાષ્ટ્રપતિશ્રી દ્વારા પુરસ્કૃત સંસ્કૃત ભાષાના વિદ્વાન, વર્ષ ૨૦૧૧-૨૦૧૨

૬. શ્રી ચિનુ મોદી, સુપ્રસિદ્ધ કવિ, વર્ષ ૨૦૧૨-૨૦૧૩

૭. શ્રી વાસુદેવ પાઠક, સુપ્રસિદ્ધ સંસ્કૃત સર્જક, વર્ષ ૨૦૧૩-૨૦૧૪

૮. શ્રી સતીશ વ્યાસ, સુપ્રસિદ્ધ નાટ્યકાર અને વક્તા, વર્ષ ૨૦૧૪-૨૦૧૫

૯. શ્રી રઘુવીર ચૌધરી, જ્ઞાનપીઠ પુરસ્કારથી સમ્માનિત પ્રસિદ્ધ સાહિત્યકાર, વર્ષ ૨૦૧૫-૨૦૧૬

૧૦. શ્રી માધવ રામાનુજ, નરસિંહ મહેતા સમ્માનથી વિભૂષિત અગ્રગણ્ય કવિશ્રી, વર્ષ ૨૦૧૬-૨૦૧૭

૧૧. શ્રી વૃદાવન સોલંકી, વિશ્વપ્રસિદ્ધ ચિત્રકાર

**સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે પધારેલા મહાનુભાવો :**

૨૦૦૭ : યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓ દ્વારા

૨૦૦૮ : અમદાવાદના મેયર શ્રી અસિત વોરા

૨૦૦૯ : અમદાવાદના સાંસદ શ્રી ડૉ. કિરીટ સોલંકી

૨૦૧૦ : રખિયાલ વિસ્તારના ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ કાકડિયા

૨૦૧૧ : ભૂપેન્દ્રભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટિના સભ્ય

૨૦૧૨ : કુલપતિ શ્રી કમલેશ જોષીપુરા, આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી,ગાંધીનગર

૨૦૧૩ : શ્રી એમ. આર. ઉપાધ્યાય, ઉચ્ચ શિક્ષણ વિભાગના પૂર્વ નિયામકશ્રી

૨૦૧૪ : શ્રી અસિત વોરા, પૂર્વ મેયરશ્રી, શહેરી અગ્રણીશ્રી

૨૦૧૫ : શ્રી આર. યુ. પુરોહિત, સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી

૨૦૧૬ : ખ્યાતિપ્રાપ્ત ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રીઓ

૨૦૧૭ : ડૉ. કિરીટ સોલંકી, સાંસદશ્રી

૨૦૧૮ : શ્રી કે.બી. ઉપાધ્યાય, સી.ઈ.ઓ., કેસીજી.

**પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે પધારેલા મહાનુભાવો :**

૨૦૦૮ : યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓ દ્વારા

૨૦૦૯ : કુલપતિ શ્રી પરિમલ ત્રિવેદી, યુનિવર્સિટી,અમદાવાદ

૨૦૧૦ : કુલપતિ શ્રી મનોજ સોની, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ

૨૦૧૧ : શ્રી કમલેશ પટેલ, પૂર્વધારાસભ્યશ્રી, મણિનગર

૨૦૧૨ : ડેપ્યુટી મેયર શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અમદાવાદ મ્યુનિ.

૨૦૧૩ : અમરાઈવાડી વિસ્તારના ધારાસભ્ય શ્રી હસમુખભાઈપટેલ

૨૦૧૪ : ડેપ્યુટી મેયર શ્રી જિતેન્દ્ર દેસાઈ, અમદાવાદ મ્યુનિ.

૨૦૧૫ : ધારાસભ્યશ્રી સુરેશ પટેલ, મણિનગર વિસ્તાર

૨૦૧૬ : પૂર્વ ન્યાયમૂર્તિશ્રી એમ. એસ. પરીખ.

૨૦૧૭ : શ્રી જિતેન્દ્ર શાહ, નિયામક, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદ

૨૦૧૮ : ડૉ. સંજય કચોટ, સ્ટેટ હૅડ, ન્યૂઝ ૧૮

૨૦૧૯ : પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ, પ્રસિદ્ધ લોકકલાવિદ્

**મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૧૯ અંતર્ગત પધારેલ મહાનુભાવો**

૧. ધારાસભ્યશ્રી હસમુખ પટેલ, અમરાઈવાડી વિસ્તાર

૨. ડો. એ.યુ. પટેલ, એડવાઈઝરશ્રી, કેસીજી.

૩. શ્રી એસ.કે. પ્રજાપતિ, નાયબ કમિશનરશ્રી, શિક્ષણ વિભાગ

૪. શ્રી એસ. આર. વિજયવર્ગીય, મદદનીશ નિયામકશ્રી, રોજગાર કચેરી, અમદાવાદ.

૫. શ્રી જી.પી. વડોદરિયા, આચાર્યશ્રી, એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ, અમદાવાદ.

૬. ડો. એમ.જી. ભટ્ટ, આચાર્યશ્રી, શ્રી કે. કા. શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ, અમદાવાદ.

૭. શ્રી પ્રદીપભાઈ જોષી, ગુરુજી, આનંદ આશ્રમ, અમદાવાદ.

આ સંસ્થાને શૈક્ષણિકક્ષેત્રે ગૌરવ અપાવવામાં પ્રાધ્યાપકશ્રીઓએ પણ પ્રસંશાપાત્ર કામગીરી કરી છે. સરકારશ્રીના નિયમાનુસાર કાયમી અને હંગામી કે મુલાકાતી અધ્યાપકો તરીકે જોડાયેલા તમામે નમૂનારૂપ કામગીરી કરી છે. વર્ષ અને વિષય પ્રમાણે કામગરી કરનારા પ્રાધ્યાપકોની યાદી નીચે પ્રમાણે છે :

**ગુજરાતી વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. આરતી ત્રિવેદી, પ્રો. નિસર્ગ આહીર

૨૦૦૮-૨૦૦૯ : પ્રો. નિસર્ગ આહીર, પ્રો. આરતી પટેલ

૨૦૦૯-૨૦૧૦ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. જિતેન્દ્ર ખરાડી

૨૦૧૦-૨૦૧૧ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. વર્ષા પ્રજાપતિ, પ્રો. સંજય ચોટલિયા

૨૦૧૧-૨૦૧૨ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પન્ના ત્રિવેદી

૨૦૧૨-૨૦૧૩ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી

૨૦૧૩-૨૦૧૪ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી

૨૦૧૪-૨૦૧૫ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી

૨૦૧૫-૨૦૧૬ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી, ડૉ. આરતી સોની

૨૦૧૬-૨૦૧૭ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી, ડૉ. આરતી સોની

૨૦૧૭-૨૦૧૮ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી, ડૉ. આરતી સોની

૨૦૧૮-૨૦૧૯ : ડૉ. પ્રવીણ રથવી, ડૉ. આરતી સોની, ડૉ. સુરેશભાઈ સુડિયા

**સંસ્કૃત વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : પ્રો. જેસિંગ વાંઝા, ડૉ. મહેશ પટેલ

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. મહેશ પટેલ, ડૉ. મયૂર વ્યાસ, પ્રો. ભારતી પટેલ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. મહેશ પટેલ, પ્રો. અનિલ પટેલ, પ્રો. કમલેશ પટેલ

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. મહેશ પટેલ, ડૉ. સાગર પંડયા, ડૉ. અખિલેશ દ્વિવેદી, ડૉ. હીના ઠક્કર

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. મહેશ પટેલ, ડૉ. વિષ્ણુ રાવલ

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. હેમલ રોહિત

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી

૨૦૧૪-૨૦૧૫ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. નેહલ પંડયા

૨૦૧૫-૨૦૧૬ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. નેહલ પંડયા

૨૦૧૬-૨૦૧૭ : ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. નેહલ પંડયા, પ્રો. શૈલેષકુમાર રાઉલજી

૨૦૧૭-૨૦૧૮ : ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. નેહલ પંડયા, પ્રો. શૈલેષકુમાર રાઉલજી

૨૦૧૮-૨૦૧૯ : ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. નેહલ પંડયા, પ્રો. શૈલેષકુમાર રાઉલજી

**અંગ્રેજી વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : પ્રો. મુકેશ વ્યાસ

૨૦૦૮-૨૦૦૯ : પ્રો. મુકેશ વ્યાસ, પ્રો. સ્મિત હરિયાણી

૨૦૦૯-૨૦૧૦ : પ્રો. અમિતા મુન્દ્રા, પ્રો. રજની મેવાડા, પ્રો. પલક પટેલ

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. પ્રેમકુમાર સિંગ, પ્રો. ભાવના પાંડે, પ્રો. ઈશાન ભાવસાર, પ્રો. ખુશ્બૂ રાઠોડ

૨૦૧૧-૨૦૧૨ : પ્રો. મુબિના કુરેશી, પ્રો. આસ્મા મન્સૂરી, પ્રો. હિરલ પનારા

૨૦૧૨-૨૦૧૩ : પ્રો. જય મહેતા, પ્રો. પૂર્વી પંડયા

૨૦૧૩-૨૦૧૪ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. ખુશ્બૂ ઝાલા, પ્રો. મુકેશ પરમાર

૨૦૧૪-૨૦૧૫ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. મુકેશ પરમાર

૨૦૧૫-૨૦૧૬ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. વિનિતા સંદુ, પ્રો. અંજલિ સોલંકી, પ્રો. મોનિકા કોલી

૨૦૧૬-૨૦૧૭ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. હેતલ રાજપૂત, પ્રો. અંજલિ સોલંકી, પ્રો. મોનિકા કોલી

૨૦૧૭-૨૦૧૮ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. હેતલ રાજપૂત, પ્રો. અંજલિ સોલંકી, પ્રો. મોનિકા કોલી

૨૦૧૮-૨૦૧૯ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. ગાયત્રીબેન પટેલ, પ્રો. હેતલ રાજપૂત, પ્રો. મોનિકા કોલી

**મનોવિજ્ઞાન વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. તૃષા દેસાઈ

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. તૃષા દેસાઈ, પ્રો. કિરણ વાઘેલા

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. મોહમ્મદ હાફીઝ કઠિયારા, પ્રો. પ્રિયંકા ઠક્કર

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ, પ્રો. અશ્વિન આમરણિયા, પ્રો. વિભા દવે

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. તૃષા દેસાઈ, પ્રો. સતીશ સક્સેના, પ્રો. મિત્તલ વેકરિયા

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. મેઘના પટેલ, ડૉ. શિલ્પા સિદપરા

૨૦૧૪-૨૦૧૫ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ, ડૉ. અશોક પટેલ

૨૦૧૫-૨૦૧૬ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ, ડૉ. અશોક પટેલ, ડૉ. મિતલ વેકરિયા

૨૦૧૬-૨૦૧૭ : ડૉ. કમલેશ પટેલ, ડૉ. અશોક પટેલ, ડૉ. નીકિતા સોનારા

૨૦૧૭-૨૦૧૮ : ડૉ. કમલેશ પટેલ, ડૉ. નીકિતા સોનારા, પ્રો. દિવ્યા વાળંદ

૨૦૧૮-૨૦૧૯ : ડૉ. સંગીતાબેન શાસ્ત્રી, ડૉ. કમલેશ પટેલ, ડૉ. નીકિતા સોનારા, પ્રો. શિવાની ભદૌરિયા

**અર્થશાસ્ત્ર વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. ગીતા પંડયા, પ્રો. અરવિંદ મ્યાત્રા

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. ગીતા પંડયા, પ્રો. અલ્પેશ પટેલ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, પ્રો. શૈલેષ ચાવડા

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, પ્રો. શૈલેષ ચાવડા

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. ગીતા પંડયા, ડૉ. કેતન મહેતા, પ્રો. શૈલેષ ચાવડા

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. ગીતા પંડયા, ડૉ. કેતન મહેતા, પ્રો. જિજ્ઞેશ પૂરબિયા

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. કેતન મહેતા

૨૦૧૪-૨૦૧૫ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. કેતન મહેતા

૨૦૧૫-૨૦૧૬ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. કેતન મહેતા

૨૦૧૬-૨૦૧૭ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. અનિતા પટેલ

૨૦૧૭-૨૦૧૮ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. અનિતા પટેલ

૨૦૧૮-૨૦૧૯ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, પ્રો. રશ્મિ ગુપ્તા, ડૉ. અનિતા પટેલ

**પ્રાચ્યવિદ્યા વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. ભૂમિ બ્રહ્મભટ્ટ, પ્રો. સ્વીટી પટેલ

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. ભૂમિ બ્રહ્મભટ્ટ, પ્રો. સ્વીટી પટેલ

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. સ્વીટી પટેલ

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૪-૨૦૧૫ : પ્રો. આભા ત્રિપાઠી, ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૫-૨૦૧૬ : પ્રો. આભા ત્રિપાઠી, ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૬-૨૦૧૭ : પ્રો. આભા ત્રિપાઠી, ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૭-૨૦૧૮ : પ્રો. આભા ત્રિપાઠી, ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૮-૨૦૧૯ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. વંસુધરા પટેલ

સંસ્થાના આંગણે પધારેલા અનેક મહાનુભાવોને કારણે વિદ્યાર્થીઓને અનેક ક્ષેત્રે લાભ થયો છે. નિયત અભ્યાસક્રમની સાથે સાથે કરવામાં આવતી અનેક પ્રવૃત્તિઓને કારણે અમારી સંસ્થાના વિદ્યાર્થી ઘણી દિશામાં કાર્યરત બની શક્યા છે. આંગણે પધારેલા મહાનુભાવોએ એમનામાં પ્રેરણાનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ અમી પાયું છે. અમારી યાત્રાના પરમ સીમાસ્તંભોને સ્મરતાં આનંદાનુભૂતિ થાય છે.

દસ વર્ષનાં આ દસ સુવર્ણ સોપાનના પૂરાયેલ તેજ અને પ્રકાશના સંદર્ભે બધું જ ઝળહળ અને ભવ્યોજ્જ્વલ દેખાય છે. વિદ્યોપાસના કરતાં કરતાં જીવનનાં જે અન્ય અંગો છે એને પણ અનુપમ કરવા માટે વિદ્યાર્થીઓ માટે શિક્ષણેતર પ્રવૃત્તિઓ પણ જરૂરી છે. એટલે, વિદ્યાર્થીઓમાં સેવા, જાગૃતિ, નેતૃત્વ, પરિશ્રમ જેવા અનેક સંસ્કારો પ્રગટે તે માટે અમારી સંસ્થા સતત પ્રવૃત્તિશીલ રહી છે. આ સામયિકના આરંભે આપવામાં આવેલ તસવીરી સૃષ્ટિ અને અંતે આપવામાં આવેલ પ્રવૃત્તિઓની યાદી પરથી કોઈ પણ સુજ્ઞ જનને ખ્યાલ આવશે કે વર્ષ દરમિયાન અનેક પ્રકારની પ્રવૃત્તિઓ સંસ્થા દ્વારા, આચાર્યા દ્વારા, અધ્યાપકો દ્વારા અને વિદ્યાર્થીઓ દ્વારા સતત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનું જીવન સર્વાંગી બને તે માટે ખાસ કાળજી લેવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમિયાન અમારી સંસ્થાના પ્રાધ્યાપકશ્રીઓ જે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી તેની સાદર, સાનંદ નોંધ લઉં છું અને સર્વને હૃદયપૂર્વકનાં અભિનંદન પાઠવું છું :

- આચાર્યશ્રી ડૉ. ગીતાબેન પંડયાએ મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૧૯ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ઝોન-૧ નોડ-૪ તરીકેનાં નોડલ ઓફિસર તરીકેની કામગીરી બજાવી. સદર કેમ્પમાં ૨૧ કોલેજો અને ૪૮ કંપનીઓ સહભાગી થઈ હતી.
- આચાર્યશ્રી ડૉ. ગીતાબેન પંડયાને મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૧૯ અંતર્ગત Best Placement Brochure માટે માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું.
- આચાર્યશ્રી ડૉ. ગીતાબેન પંડયાને ગુજરાત યુનિવર્સિટી, અર્થશાસ્ત્ર વિષયમાં પી.એચ.ડી. નાં માર્ગદર્શક તરીકેની માન્યતા મળી.
- આચાર્યશ્રી ડૉ. ગીતાબેન પંડયાની ગુજરાત યુનિવર્સિટી, અર્થશાસ્ત્ર વિષયમાં બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્ય તરીકે નિમણૂક થઈ.
- સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા ડૉ. કિન્નરીબેન પંચોલીની ગુજરાત યુનિવર્સિટી, સંસ્કૃત વિષયમાં બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્ય તરીકે નિમણૂક થઈ.
- સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા ડૉ. કિન્નરીબેન પંચોલીએ રાષ્ટ્રીય પરિસંવાદમાં શોધપત્ર પ્રસ્તુત કર્યુ.
- સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા ડૉ. કિન્નરીબેન પંચોલીએ સમર્પણ આર્ટ્સ કોલેજ ખાતે વિદ્યાર્થી સજ્જતા શિબિરમાં વ્યાખ્યાન આપ્યું.
- સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા ડૉ. કિન્નરીબેન પંચોલીએ મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૧૯ અંતર્ગત પ્લેસમેન્ટ ઓફિસરની કામગીરી સંભાળી.
- સંસ્કૃત વિભાગનાં અધ્યાપિકા ડૉ. નેહલબેન પંડયાને ગુજરાત યુનિવર્સિટી, સંસ્કૃત વિષયમાં પી.એચ.ડી.નાં માર્ગદર્શક તરીકેની માન્યતા મળી.
- મનોવિજ્ઞાન વિભાગનાં અધ્યાપક ડૉ. કમલેશભાઈ પટેલની ગુજરાત યુનિવર્સિટી, મનોવિજ્ઞાન વિષયમાં બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્ય તરીકે નિમણૂક થઈ.
- અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક પ્રો. જગદીશભાઈ પરમારની ગુજરાત યુનિવર્સિટી, અર્થશાસ્ત્ર વિષયમાં બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્ય તરીકે નિમણૂક થઈ.

આ રીતે, કૉલેજના આરંભના વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધીનો શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિઓનો આલેખ દોરતાં જે જે માનવસંધાનના વિવિધ રંગો પૂરાયા છે તેનો એક અનુપમ ચંદરવો રચાય છે. પ્રસિદ્ધ સાક્ષર પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીજીની પુણ્ય સ્મૃતિમાંથી આકારિત થયેલ આ શૈક્ષણિક સંસ્થામાં એમનાં કર્મને છાજે તેવી જ ગૌરવવંત વ્યક્તિઓની પરબ મંડાય એ સહજ-સવાભાવિક છે.

# ગઝલનું સ્વરૂપ

રાજેશ્વરી આનંદ
એસ.વાય.બી.એ.
ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ
મણિનગર, અમદાવાદ

ગુજરાતી ભાષા માટે ગઝલ વિદેશી કાવ્યસ્વરૂપ છે. પરંતુ, ઉર્દૂ પછીથી કોઈ પણ ભારતીય ભાષામાં ગઝલ સૌથી વધારે સફળ અને સમૃદ્ધ રહી હોય તો તે ગુજરાતી ભાષામાં. 'ગઝલ' શબ્દ અરબી ભાષાનો છે. એનો અર્થ થાય છે 'પ્રિયતમા સાથે વાતચીત'. ગઝલમાં પ્રેમતત્ત્વ મુખ્ય છે. નિરૂપ્ય વિષય તરીકેનો પ્રેમ દુન્યવી હોય તો તેને 'ઈશ્કે મિજાજી' કહે છે અને દૈવી હોય તો 'ઈશ્કે હકીકી' કહે છે. પરંતુ, ગઝલ ઊર્મિકાવ્ય છે, એટલે માનવજીવનની અનેક ઊર્મિઓ, એષણાઓ અને લાગણીઓ એનો વિષય બની શકે છે. સાંપ્રત ગઝલ પરંપરાગત એવા પ્રેમના વિષયમાંથી બહાર નીકળી ગઈ છે. ભાષા અને ભાવ એ બન્ને રીતે ગઝલ ખાસ્સી બદલાઈ છે.

ગઝલમાં ૪થી લઈને ૧૯ શે'ર હોઈ શકે છે. ગઝલની બે પંક્તિને, બે ચરણને શે'ર કહે છે. ચરણ કે પંક્તિને 'મિસરા' કહે છે. શે'રના પહેલા ચરણને 'સાની મિસરા' અને બીજા ચરણને 'ઉલા મિસરા' કહે છે. બે મિસરા મળીને શે'ર બને છે. ગઝલના પ્રથમ શે'રને 'મત્લા' કહે છે અને છેલ્લા શે'રને 'મક્તા' કહે છે. પરંપરાગત રીતે મક્તામાં ગઝલકાર પોતાનું નામ અથવા તખલ્લુસ ગૂંથી લેતો હોય છે. ગઝલના બન્ને મિસરા વચ્ચે ચમત્કૃતિજન્ય સંબંધ હોય છે. પ્રથમ મિસરામાં સામાન્ય રીતે ભાવ, પરિસ્થિતિ, ચિંતન વગેરેની માંડણી થતી હોય છે અને બીજા મિસરામાં ચોટ કે ચમત્કૃતિ જન્મતાં હોય છે. ગઝલના શે'રની ઉત્તમતા એ છે કે એમાં પ્રથમ મિસરા પરથી બીજા મિસરાનું અનુમાન ન કરી શકાય. સાવ જ નૂતન પ્રકારનું કલાત્મક એવું બીજા મિસરાનું આવવું એ જ ભાવક માટે રસબિંદુ બની રહે છે. શે'રમાં ભાવ અને ભાષાનું ઉત્તમ રીતે સંયોજન થયું હોય એ દ્વારા ચમત્કૃતિ સિદ્ધ થાય તો જ શેરિયત સિદ્ધ થાય છે.

ગઝલના બાહ્ય સ્વરૂપમાં અરૂઝ એટલે કે છંદ, શે'ર, રદીફ અને કાફિયા અગત્યનાં મનાયાં છે. ગઝલ છંદમાં લખાય છે. છંદ અક્ષરના વજનના આધારે નિર્ધારિત થાય છે. ગુજરાતીમાં એને માત્રામેળીય રૂપ તરીકે સ્વીકારવામાં આવેલ છે. લઘુ અને ગુરુના ત્રિકલ, ચતુષ્કલ, પંચકલ, સપ્તકલ ગણ દ્વારા ગઝલના છંદ બને છે. જેમ કે, ગાલ, ગાગા, ગાલગા, ગાલગાગા. આ ગણનાં અનેક સંયોજન દ્વારા ગઝલનું છંદશાસ્ત્ર બનેલું છે. પરંપરાગત મૂળ છંદ ઓછા છે, પરંતુ એમાં અનેક પ્રયોગો થયા છે.

રદીફ અને કાફિયા ગઝલનાં અનિવાર્ય અંગો છે. કાફિયા એટલે પ્રાસ અને રદીફ એટલે અનુપ્રાસ. કાફિયામાંના પ્રાસ બદલાતા રહે, પણ રદીફ તો એનો એ જ રહે છે. ગઝલના પ્રથમ શે'રમાં બન્ને મિસરામાં કાફિયા

અને રદીફનો મેળ હોવો જોઈએ. બીજા શે'રથી છેક અંતિમ શે'ર સુધી શે'રના બીજા ચરણમાં કાફિયા અને રદીફનો મેળ હોવો જોઈએ. ઘણી ગઝલમાં રદીફ નથી હોતા. એને 'હમરદીફ' હમકાફિયા' કહે છે. એવી ગઝલમાં કાફિયા જ રદીફનું કામ કરે છે.

ગઝલનો દરેક શે'ર સ્વતંત્ર રૂપસૌંદર્ય ધરાવતો હોય છે. એટલે સમગ્ર ગઝલ સાથે શે'રનું અનુસંધાન હોવા છતાં એકલા શે'ર દ્વારા પણ કાવ્યત્વ સિદ્ધ થતું હોય છે. આવા રમણીય શે'ર ભાવકોને રસતરબોળ કરતા હોય છે. સમગ્ર ગઝલમાં જો એક જ ભાવ કે સ્થિતિ આરંભથી અંત સુધી હોય તો તેવી ગઝલને 'મુસલ્સલ' ગઝલ કહે છે.

ગઝલ લોકપ્રિય બની છે એનાં આંતરિક લક્ષણોને કારણે છે. ગઝલનાં અંગભૂત આંતરિક તત્ત્વો આ પ્રમાણે છે :

- હુસ્ને ખયાલ – વિચારનું સૌંદર્ય
- અંદાઝે બયાન – અભિવ્યક્તિ
- મૌસિકી – સંગીત
- તસવ્વુફ – અધ્યાત્મ
- મારિફત – અધ્યાત્મ
- નુદરત – નાવીન્ય કે વૈચિત્ર્ય
- મુહાકાત – બિંબવિધાન
- તખૈયુલ – કલ્પના
- બદીઅ – અલંકાર, પ્રતીક
- આહંગ – લય
- રમ્ઝ – રહસ્ય
- ઈમાઈયત – સાંકેતિકતા
- ઈખ્તેસાર – સંક્ષેપ
- તલ્મીહ – પુરાકલ્પન

આ બધાંથી ગઝલનું આંતરિક સત્ત્વ સિદ્ધ થાય છે. ભાવ કે વિચારનું સૌંદર્ય – હુસ્ને ખયાલ – એ પાયાની શરત છે. એને ભાષિક રૂપમાં નાવીન્યસભર અભિવ્યક્તિ આપવામાં આવે એ એટલું જ જરૂરી છે. એ અર્થમાં, સ્વરૂપ તરીકે ગઝલમાં અભિવ્યક્તિ – અંદાઝે બયાન – મહત્ત્વનું ઘટક ગણાયું છે. લયવિધાન દ્વારા સંગીતમયતા સિદ્ધ થવી જોઈએ. નૂતન રીતે ગઝલ રચાય, એમાં નાવીન્ય પ્રગટે એ હિતાવહ છે. પ્રતીક, અલંકાર, લય, લાઘવ એ બધાં ગઝલના સૌંદર્યને સિદ્ધ કરતાં ઘટકો છે.

ગઝલ પ્રસ્તુતિની કલા છે. એનું સૌંદર્ય મુશાયરામાં ખીલે છે. પરંતુ, માત્ર મુશાયરામાં 'વાહ વાહ' બોલાવવા માટે જ ગઝલ લખાય તો એ ગઝલ માટે વિઘાતક બને છે. ગઝલ કેવળ સભારંજની બનવી ન જોઈએ. ગઝલનું સ્વરૂપ

અનેક સંભાવનાઓથી ભરેલું છે, અને એટલા માટે જ એ પડકારરૂપ પણ છે. કવિને એ આકર્ષે પણ એના હાથમાંથી એ છટકી જાય એવું પણ બને છે. અત્યારે ગુજરાતી સાહિત્યમાં ગઝલ સૌથી વધારે કાવ્યરૂપ પામતું સ્વરૂપ છે, પરંતુ સૌથી વધારે અકાવ્ય બનતું સ્વરૂપ પણ એ જ છે. કૃત્રિમ ભાવાવેશ, ઉપજાવી કાઢેલી ચોટ, નિરર્થક શબ્દપ્રલાપ, ચપટાં વિધાન, સઘન અનુભૂતિ સિવાયની માત્ર ઉપલક શબ્દરમત, ભાષાના કલાત્મક અંશોની અજ્ઞાનતા એ બધાંને કારણે ગુજરાતી ગઝલ વધારે સહન કરતી આવી છે.

ગઝલના આસ્વાદ માટે જરૂરી છે વિદગ્ધ રસિક ચિત્ત. કોઈ પણ સાહિત્ય માટેની આ અનિવાર્ય શરત છે. મુકુરિભૂત સહૃદયતા ન હોય તો ઉત્તમ ગઝલ માણી શકાતી નથી. અન્ય કાવ્યસ્વરૂપો કરતાં ગઝલનું કાવ્યસ્વરૂપ વધારે સઘન અને ચમત્કૃતિજન્ય છે. દરેક શે'ર એક સ્વતંત્ર ભાવજગત લઈને આવતો હોય છે. એટલે, પ્રત્યેક શે'ર એક અલાયદા રસવિશ્વમાં વિહાર કરાવવા સક્ષમ હોય છે. ઉત્તમ ગઝલકાર દ્વારા ભાવ, ભાષા, ચમત્કૃતિ, પ્રતીકાત્મકતા વગેરે દ્વારા જે સૌંદર્યમય અભિવ્યક્તિ સિદ્ધ કરવામાં આવી હોય છે એને પામવા માટે વિશેષ પ્રકારની સજ્જતા જરૂરી છે. ઘણી વાર, એનકાર્થી બયાન થયેલું હોય છે. પ્રતિભાશાળી ગઝલકારના હાથે વ્યંજનાની માવજત થતી હોય છે. એટલે, ગઝલનો આસ્વાદ પણ અન્ય કાવ્યસ્વરૂપો કરતાં જુદી રીતે જ ચિત્તમાં આકાર પામતો હોય છે. સંસ્કૃત સાહિત્યનાં મુક્તકો કે કાઠિયાવાડી દુહાઓ સાથે એને આંશિક રીતે મૂકી શકાય. પરંતુ, મુક્તક અને દુહા એ બન્ને કરતાં શે'ર જુદા છે. શે'રમાં જે ચમત્કૃતિ, ચોટ અને ભાવપલટા આવે છે એ અન્યત્ર શોધવાં દોહ્યલાં છે.

પરંપરાગત ગઝલ ઈશ્કે હકીકી અને ઈશ્કે મિજાજીના રંગે રંગાયેલી હતી, એટલે પ્રેમના લૌકિક અને પારલૌકિક એ બન્ને આયામોમાં ભાવક વિહાર કરી શકે એવી શક્યતાઓ ઘણી વાર તો સાથે સાથે જ ચાલતી હોય છે. ભાવક ઈશ્કે હકીકીની વ્યાપક સમજ ન ધરાવતો હોય તો એ ગઝલનું સૌંદર્ય સંપૂર્ણપણે પામી ન શકે.

આધુનિક ગઝલે પોતાના રંગરૂપ બદલ્યાં છે, પરંતુ અભિવ્યક્તિગત ઊંચાઈ અને વિચારોનું સૌંદર્ય – અંદાઝે બયાન અને હુસ્ને ખયાલ – એ બન્નેને તો જાળવી જ રાખ્યાં છે. એટલે, ગઝલ વધારે વ્યાપક બની છે. પ્રેમના પરિધમાંથી એ બહાર નીકળીને વૈશ્વિક બની છે. સંબંધજન્ય સુખદુઃખ, માનવજીવનની સંકુલતા, આધુનિક જીવનની ગતિવિધિ, રોજબરોજની સ્થૂળસૂક્ષ્મ ઘટનાઓ, સાંપ્રત પ્રવાહો ઈત્યાદિ પણ ગઝલના કવનવિષયો બન્યા છે. એમાં ભાષાકીય સજ્જતાએ ઉમેરો કર્યો છે. એટલે, ગઝલ મર્મસ્પર્શી અને બહુગામી બની છે. સયુક્તિક કાફિયા અને રદીફનો પ્રયોગ પણ આશ્ચર્યચકિત કરે છે. ગઝલના આસ્વાદનમાં આવી જાણકારી અને સહૃદયતા અનિવાર્ય છે.

ગુજરાતી સાહિત્યની પ્રસિદ્ધ અને સીમાસ્તંભરૂપ કેટલીક ગઝલ પર દૃષ્ટિપાત કરવાથી ગઝલના સ્વરૂપ અને સૌંદર્યનો આછો પરિચય થશે :

મેં તજી તારી તમન્ના તેનો આ અંજામ છે,
કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે.
છે સ્ખલન બેત્રણ પ્રસંગોમાં મને પણ છે કબૂલ,

કોણ જાણે કેમ આખી જિંદગી બદનામ છે.
એક વીતેલો પ્રસંગ પાછો ઊજવવો છે ખુદા !
એક પળ માટે વીતેલી જિંદગીનું કામ છે.
મારી આ મજબૂર મસ્તીનો નશો ઉતરી ગયો,
આપ પણ એવું કહો છો કે મને આરામ છે.
કોણ જાણે કેમ સાંભળતાં જ દિલ દુઃખતું હશે !
આમ હું માનું છું તારું નામ પ્યારું નામ છે.
આપની સામે ભલે સોદો મફતમાં થઈ ગયો,
આમ જો પૂછો બહુ મોઘાં અમારાં દામ છે.
જિંદગીના રસને પીવામાં કરો જલ્દી 'મરીઝ',
એક તો ઓછી મદિરા છે, ને ગળતું જામ છે.
**— 'મરીઝ'**

હું ક્યાં કહું છું આપની 'હા' હોવી જોઈએ,
પણ 'ના' કહો છો એમાં વ્યથા હોવી જોઈએ.
પૂરતો નથી નસીબનો આનંદ, ઓ ખુદા !
મરજી મુજબની થોડી મજા હોવી જોઈએ.
એવી તો બેદિલીથી મને માફ ના કરો,
હું ખુદ કહી ઊઠું કે સજા હોવી જોઈએ.
આ તારું દર્દ હો જો બીજાને તો ના ગમે,
હમણાં ભલે કહું છું દવા હોવી જોઈએ.
મેં એનો પ્રેમ ચાહ્યો બહુ સાદી રીતથી,
નહોતી ખબર કે એમાં કલા હોવી જોઈએ.
ઝાહેદ આ કેમ જાય છે મસ્જિદમાં રોજરોજ,
એમાં જરાક જેવી મજા હોવી જોઈએ.
પૃથ્વીની આ વિશાળતા અમથી નથી 'મરીઝ',
એના મિલનની ક્યાંક જગા હોવી જોઈએ.
**-'મરીઝ'**

ગભરુ આંખોમાં કાજળ થઈ, લહેરાઈ જવામાં લિજ્જત છે,

*ચર્ચાનો વિષય એ હોય ભલે, ચર્ચાઈ જવામાં લિજ્જત છે.*
*વેચાઈ જવા કરતાંય વધુ વહેંચાઈ જવામાં લિજ્જત છે,*
*હર ફૂલ મહીં ખુશ્બો પેઠે ખોવાઈ જવામાં લિજ્જત છે.*
*પરવાના પોઢી જાયે છે ચિર મૌનની ચાદર ઓઢીને,*
*હે દોસ્ત, શમાની ચોખટ પર ઓલાઈ જવામાં લિજ્જત છે.*
*દુઃખ પ્રીતનું જ્યાં ત્યાં ગાવું શું? ડગલે પગલે પસ્તાવું શું ?*
*એ જોકે વસમી ઠોકર છે પણ ખાઈ જવામાં લિજ્જત છે.*
*જે અંધ ગણે છે પ્રેમને તે આ વાત નહીં સમજી જ શકે,*
*એક સાવ અજાણી આંખથી પણ અથડાઈ જવામાં લિજ્જત છે.*
*બે વાત કરીને પારેવાં થઈ જાયે છે આડાંઅવળાં,*
*કૈં આમ પરસ્પર ગૂંથાઈ, વીખરાઈ જવામાં લિજ્જત છે.*
*સારાનરસાનું ભાન નથી પણ એટલું જાણું છું ‘ઘાયલ’,*
*જે આવે ગળામાં ઊલટથી એ ગાઈ જવામાં લિજ્જત છે.*
**— અમૃત ‘ઘાયલ’**

*જે વાત કહેવી છે શબ્દોથી જીરવાય નહીં,*
*પરિસ્થિતિ વિશે ચૂપ પણ રહી શકાય નહીં*
*રહે છે કોણ આ દર્પણના આવરણ નીચે,*
*હું રોજ જોઉં છું તો પણ એ ઓળખાય નહીં*
*નથી જગા હવે આગળ કદમ ઉઠાવાની,*
*ને આ તરફ હવે પાછા ફરી શકાય નહીં.*
*યુગોની આંખમાં એ ખૂંચશે કણી થઈને,*
*હવે એ ક્ષણને નિવારીય પણ શકાય નહીં.*
*નથી તિરાડ કોઈ કે હવા પ્રવેશી શકે,*
*અને છતાંય અહીં શ્વાસ ગૂંગળાય નહીં.*
**— આદિલ મન્સૂરી**

*જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,*
*ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.*
*પહેલા પવનમાં ક્યારે હતી આટલી મહેક ?*

રસ્તામાં તારી સાથે મુલાકાત થઈ હશે.
ઘૂંઘટ ખુલ્યો હશે ને ઊઘડી હશે સવાર,
ઝુલ્ફો ઢળી હશે ને પછી રાત થઈ હશે.
ઊતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં,
તારા જ રૂપરંગ વિષે વાત થઈ હશે.
'આદિલ'ને તે જ દિવસથી મળ્યું દર્દ દોસ્તો,
દુનિયાની જે દિવસથી શરૂઆત થઈ હશે.
**— આદિલ મન્સૂરી**

લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો તોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
આ નગરની વચોવચ હતો એક ગુલમ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
પૂછું છું બારને-બારીને-ભીતને લાલ નળિયા-છજાં-ને વળી ગોખને-
રાત દિ' ટોડલે બેસીને ગ્હેકતો મોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
કૈં જ ખૂટ્યું નથી, કૈં ગયું પણ નથી જરઝવેરાત સહુ એમનું એમ છે
તે છતાં લાગતું સઘળું લૂંટી અને ચોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
સાવ સૂની બપોરે ઘડી આવીને એક ટહુકો કરી, ફળિયું ભરચક ભરી
આંખમાં આંસુ આંજી અચાનક શકરખોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
કેટલાં વર્ષથી સાવ કોરાં પડ્યાં ઘરનાં નેવાં ચૂવાનુંય ભૂલી ગયાં
ટપકતો ખાલીપો પૂછતો : મેઘ ઘનઘોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
જિંદગીના રૂપાળા ચહેરા ઉપર ઉઝરડા ઉઝરડા સેંકડો ઉજરડા
કોણ છાના પગે આવી મારી ગયું ન્હોર, તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
પાછલી રાતની ખટઘડી એ હજી એ તળેટી ને એ દામોદર કૂંડ પણ-
ઝૂલણા છંદમાં નિત પલળતો પ્રથમ પ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
**-મનોજ ખંડેરિયા**

પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને
આ હાથ આખેઆખો બળે એમ પણ બને
જ્યાં પહોંચવાની ઝંખના વરસોથી હોય ત્યાં
મન પહોંચતાં જ પાછું વળે એમ પણ બને
એવું છે થોડું : છેતરે રસ્તા કે ભોમિયા ?

એક પગ બીજા પગને છળે એમ પણ બને
જે શોધવામાં જિંદગી આખી પસાર થાય
ને એ જ હોય પગની તળે એમ પણ બને
તું ઢાળ ઢોળિયો : હું ગઝલનો દીવો કરું
અંધારું ઘરને ઘેરી વળે એમ પણ બને
**-મનોજ ખંડેરિયા**

ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે,
બુકાની છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.
કહો તો આ બધાં પ્રતિબિંબ હું હમણાં જ ભૂંસી દઉં,
અરીસો ફોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.
કમળ-તંતુ સમા આ મૌનને તું તોડ મા નાહક,
ફરીથી જોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.
આ સપનું તો બરફનો સ્તંભ છે, હમણાં જ ઓગળશે,
હું એને ખોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.
મને સદ્‌ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.
**— મનોજ ખંડેરિયા**

ક્યાંક ઝરણાંની ઉદાસી પથ્થરો વચ્ચે પડી છે,
ક્યાંક તારી યાદની મોસમ રડી છે !
દોસ્ત,મૃગજળની કથા વચ્ચે તમે છો,
આ જુઓ અહીયાં તરસ, ત્યાં વાદળી ઊંચે ચડી છે !
પંખીઓના ગીત જેવી એક ઈચ્છા ટળવળે છે,
ઓ હૃદય ! બોલો કે આ કેવી ઘડી છે !
આવ, મારા રેશમી દિવસોના કારણ,
જિંદગી જેને કહે છે એ અહીં ઠેબે ચડી છે !
ઓ નગરજન, હું અજાણ્યા દેશનો થાક્યો પ્રવાસી,
લાગણી નામે હવેલી ક્યાં ખડી છે ?
**— શ્યામ સાધુ**

શ્વાસમાં છલકાય છાની ગંધ તો ?
ને બધે ચર્ચાય આ સંબંધ તો ?
કંઠથી છટક્યો ટહુકો મોરનો
ડાળ પરથી જો મળે અકબંધ તો ?
આંખમાંથી આંસુઓ લૂછો નહીં
તૂટશે પે...લો ઋણાનુબંધ તો ?
લાગણીભીના અવાજો ક્યાં ગયા ?
પૂછશે મારા વિશેનો અંધ તો ?
હું ક્ષણોના મ્હેલમાં જાઉં અને
કોક દરવાજો કરી દે બંધ તો ?
**– ચિનુ મોદી 'ઈર્શાદ'**

તું મને મળતી ખરી પણ મન વગર,
ઝાંઝવા બનતાં સરોવર જળ વગર.
શૂન્ય મારું મન થયું છે એટલું,
કે હવે ખડ ખડ હસું છું ભય વગર.
જ્યાં જઉં છું ત્યાં મને સામી મળે
ભીંત પણ ચાલી શકે છે પગ વગર.
દૂર તારાથી થતો હું જાઉં છું
એમ લાગે છે હવે છું ઘર વગર.
સૂર્ય સ્પર્શે ઓસ તો ઊડી ગયું
હું તને મળતો રહ્યો કારણ વગર.
**-ચિનુ મોદી 'ઈર્શાદ'**

એ જ ભણકારા રહે હરપળ કે તું આવી હશે,
દૂર સુધી શ્હેર આ ઝળહળ કે તું આવી હશે.
ઠેઠ પાતાળેથી પ્રગટ્યાં જળ કે તું આવી હશે,
સાવ નોખાં લાગતાં હર સ્થળ કે તું આવી હશે.
હા હતી સાબરમતી પણ નામની કેવળ નદી,

*બેઉ કાંઠે એય છે ખળખળ કે તું આવી હશે.*
*શ્વાસ-આંખો-ઉંબરો-આંગણ ને રસ્તાઓ બધા,*
*રોજ કરતાં છે વધુ વિહ્વળ કે તું આવી હશે.*
*ક્યાં હવે સજ્જડ કોઈ કારણ રહ્યું છે તે છતાં,*
*ટેવવશ થઈ જાય છે અટકળ કે તું આવી હશે.*
***– રાજેશ વ્યાસ 'મિસ્કીન'***

*આ અહીં પહોંચ્યાં પછી આટલું સમજાય છે,*
*કોઈ કંઈ કરતું નથી, આ બધું તો થાય છે !*
*હાથ હોવાથી જ કંઈ ક્યાં કશું પકડાય છે ?*
*શ્વાસ જેવા શ્વાસ પણ વાય છે તો વાય છે !*
*આંખ મીંચીને હવે જોઉં તો દેખાય છે,*
*ક્યાંક કંઈ ખૂલી રહ્યું, કયાંક કંઈ બિડાય છે !*
*જે ઝળકતું હોય છે તારકોનાં મૌનમાં,*
*એ જ તો સૌરભ બની આંગણે વિખરાય છે !*
*શબ્દને અર્થો હતા, ઓગળી કલરવ થયા,*
*મન, ઝરણ, પંખી બધું ક્યાં જુદું પરખાય છે !*
***– રાજેન્દ્ર શુક્લ***

*આવ્યાં હવાની જેમ અને ઓસરી ગયાં,*
*શો શૂન્યતાથી જામ સપનનો ભરી ગયાં !*
*વીતી ગઈ એ વેળ, હવે અહીં કશું નથી,*
*સ્મરણો ય આવી આવીને પાછાં ફરી ગયાં !*
*હું શું કરું જ્યાં કંઠ જરી ય ખૂલતો નથી,*
*ગીતો તો કેટલું ય અરે કરગરી ગયાં !*
*તારા ગયા પછે ન બન્યું કંઈ નવું અહીં,*
*અધઊઘડી બે છીપથી મોતી ઝરી ગયાં !*
*જોઈ અટૂલી મ્હેંક સમય પૂછતો ફરે –*
*'ફોર્યાં અહીં જે ફૂલ તે ક્યારે ખરી ગયાં !'*
*વાતો રહી ગઈ એ કસુંબલ મિજાજની,*

*એ ઘેન, એ ઘટા, એ ઘૂંટ, સહું સરી ગયાં !*
*એની ખીણો મહીં જ સમય ખૂંપતો ગયો,*
*શબ્દો અજાણતા જે તમે કોતરી ગયાં !*
***— રાજેન્દ્ર શુક્લ***

*શબ્દની બેડી પડી છે જીભમાં, શું બોલીએ ?*
*ને તમે સમજી શકો નહી મૌનમાં, શું બોલીએ ?*
*બહાર ઊભા હોત તો તસવીરની ચર્ચા કરત,*
*આ અમે ઊભા છીએ તસવીરમાં, શુ બોલીએ !*
*લોહીમાં પણ એકબે અંગત ખૂણાઓ છે રમેશ !*
*એ ઊભા છે આપના સત્કારમાં, શું બોલીએ ?*
***— રમેશ પારેખ***

*આમ અછતા ન થયા આમ ઉઘાડા ન થયા,*
*હાથ ફૂલોમાં ઝબોળ્યા ને સુંવાળા ન થયા.*
*સ્વપ્ન તો આંખમાં આવીને રહે કે ન રહે,*
*ઘેર આવેલ પ્રસંગો ય અમારા ન થયા.*
*તાગવા જાવ તો – ખોદાઈ ગયા છે દરિયા,*
*અર્થ શોધો તો – અમસ્થા ય ઉઝરડા ન થયા.*
*એક વરસાદનું ટીપું અમે છબીમાં મઢ્યું,*
*ત્યારથી ભેજભર્યા ઓરડા કોરા ન થયા.*
*સમુદ્ર લોહીમાં ખીલ્યો, ખીલ્યો, ઝૂલ્યો ને ખર્યો,*
*બળી ‘ગ્યો છોડ લીલોછમ ને ધુમાડા ન થયા.*
*આજ ખાબોચિયાનાં થાય છે શુકન રણમાં,*
*તો ય ભાંગી પડેલ જીવને ટેકા ન થયા.*
*આજ વરસાદ નથી એમ ના કહેવાય, રમેશ,*
*એમ કહીએ કે હશે, આપણે ભીના ન થયા.*
**-રમેશ પારેખ**

*પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર ?*
*એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર ?*
*શ્હેર પર ખાંગી થઈ વરસી પડી આખી વસંત,*
*એક જણ નખશિખ ઉજ્જડ રહી ગયું કોને ખબર ?*
*શાહીમાંથી આમ કાં ઢોળાય છે તારાં સ્મરણ?*
*એને મારું એક મન ઓછું પડ્યું ? કોને ખબર ?*
*સ્વપ્નમાં વહેતી'તી નહેરો તારા ચહેરાની સતત,*
*ને સવારે આંખમાંથી શું વહ્યું ? કોને ખબર ?*
*માછલીએ એકદા જળને પૂછ્યું : તું કોણ છે ?*
*એનો ઉત્તર શોધવા જળ ક્યાં ગયું, કોને ખબર ?*
*મેં અરીસાને અમસ્તો ઉપલક જોયો, રમેશ*
*કોણ એમાંથી મને જોતું રહ્યું, કોને ખબર ?*
***— રમેશ પારેખ***
*આ મનપાંચમના મેળામાં સૌ જાત લઈને આવ્યા છે,*
*કોઈ આવ્યા છે સપનું લઈને, કોઈ રાત લઈને આવ્યા છે.*
*અહીં પયગંબરની જીભ જુઓ, વેચાય છે બબ્બે પૈસામાં,*
*ને લોકો બબ્બે પૈસાની ઔકાત લઈને આવ્યા છે.*
*કોઈ ફુગ્ગાનું ફૂટવું લાવ્યા, કોઈ દોરાનું તૂટવું લાવ્યા,*
*કોઈ અંગત ફાડી ખાનારું એકાંત લઈને આવ્યા છે.*
*કોઈ ઝરમર ઝરમર છાંયડીઓ, કોઈ ઉભડક ઉભડક લાગણીઓ,*
*કોઈ ફાળ, તો કોઈ તંબુની નિરાંત લઈને આવ્યા છે.*
*કોઈ લા.ઠા., ચિનુ, આદિલજી બુલેટિન જેવું બોલે છેઃ*
*અહીયા સૌ માણસો હોવાનો આઘાત લઈને આવ્યા છે.*
*કોઈ ચશ્માં જેવી આંખોથી વાંચે છે છાપાં વાચાનાં,*
*ને કોઈ અભણ હોઠો જેવી વિસાત લઈને આવ્યા છે.*
*કોઈ લાવ્યા ખિસ્સું અજવાળું, કોઈ લાવ્યા મૂઠી પતંગિયાં,*
*કોઈ લીલીસૂકી આંખોની મિરાત લઈને આવ્યા છે.*
*કોઈ ધસમસતા ખાલી ચહેરે, કોઈ ભરચક શ્વાસે ઊમટતા,*
*કોઈ અધકચરા, કોઈ અડોસરા ઝઝબાત લઈને આવ્યા છે.*

*આ પથ્થર વચ્ચે તરણાનું હિજરાવું લાવ્યો તું ય, રમેશ,*
*સૌના ખભે સૌ અણિયાળી કોઈ વાત લઈને આવ્યા છે.* ***— રમેશ પારેખ***

## Happiness

Nair Shruti Santosh
S.Y.B.A.
Government Arts College
Maninagar, Ahmedabad

Being happy holds on a different meaning for all of us. For some it's as simple as spending some time in solitude where as for others its spending some good amount of time amidst their loved ones. There might be times when we often feel that no matter what we do we are never able to stretch the span of happiness in our lives. I am quite sure that every person at some point of life might have stumbled upon thoughts such as what is the purpose of my life? Where is my existence leading me to? What is it that is stopping me from being happy? What can I do so that I could make people around me happy and proud about myself? What am I doing wrong? The list can go long. But after the moment passes we make sure that we go back to actually where we begin, we never go ahead any further to actually find answers for our questions thinking that maybe it was just a phase that might have made us think those things. We leave it just right there and take no time to think that what do we actually need to make ourselves happy.

According to the holy book of Hindu's the "THE BHAGAWAT GITA" Lord Shri Krishna tells Arjuna that actual happiness lies when a person's mind is at peace. When a person learns how to stay calm no matter what the situation is. We all try to attain happiness by giving pleasure to our senses and little do we realize that the pleasure or the happiness which we gain from it is momentary, ephemeral. We are all so apprehensively caught up in fulfilling our desires that we make our minds believe that this the ultimate way of leading a happy life is by impulsively fulfilling them. When we become impuissant at fulfilling our desires we automatically get into a

bad mood and that leads to making ourselves feel about how inadequate we are. There is a shloka in Bhagawat Gita, chapter-2 verse70 is as follow:

**आपूर्यमाणमचलप्रतिष्ठं**

**समुद्रमाप: प्रविशन्ति यद्वत् |**

**तद्वत्कामा यं प्रविशन्ति सर्वे**

**स शान्तिमाप्नोति न कामकामी** || 70||

Which translates as: Just as the ocean remains undisturbed by the incessant flow of waters from rivers merging into it, likewise the sage who is unmoved despite the flow of desirable objects all around him attains peace, and not the person who strives to satisfy desires.

A person who is unaffected by his surrounding no matter how happy or grief-stricken it is and manages to stay calm amidst all this is the person who will be able to achieve true form of happiness. In Bhagawat Gita through various chapters the supreme soul have tried to explain it to the human kind that the more possession a person has over his/her mind and senses the more is that person able to reach the path of happiness.

